



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



પંચકર્મ-અગ્નિકર્મ-વેધનકર્મ-મર્મગૃહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદશાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હ્રદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.:(0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ પાંચમ બુધવાર ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


## UPI ચૂકવણી પર જાન્યુઆરી 2020થી અમલમાં રહેલી ઝીરો-MDR વ્યવસ્થાનો અંત

# રૂ. 2,000થી વધુના UPI પેમેન્ટ પર હવે 0.4% ચાર્જ

**વેપારીઓને** કરાતી ચુકવણી પર જ ચાર્જ લાગશે, વ્યક્તિથી વ્યક્તિ ટ્રાન્સફરને સંપૂર્ણ કરમુક્તિ

**0.4** ટકાના MDRનો ખર્ચ વેપારીએ જ ભોગવવાનો રહેશે, ગ્રાહક પર પાસ કરી શકશે નહીં

**રૂ. 75,000** અને તેથી વધુની ચુકવણી માટે મહત્તમ રૂ. 300નો દર નક્કી કરાયો

**રૂ. 2000** સુધીની ચુકવણી કે RuPay ડેબિટ કાર્ડથી થતી ચુકવણી પર કોઇ ચાર્જ નહીં લાગે

નવી દિલ્હી, તા. 15(PTI): મોટી ડિજિટલ મરચન્ટ ચુકવણીઓ માટેના ફ્રેમવર્કને અમલમાં મૂકતા સરકારે મંગળવારે વેપારીઓને થતી રૂ. 2,000થી વધુની UPI ચુકવણીઓ પર 0.4 ટકા ચાર્જ નક્કી કર્યો છે અને રૂ. 75,000 તથા તેનાથી વધુની ચુકવણી માટે આ ફીની મહત્તમ મર્યાદા રૂ. 300 નક્કી કરી છે.

આ નિર્ણય સાથે જ જાન્યુઆરી 2020થી અમલમાં રહેલી ઝીરો-MDR વ્યવસ્થાનો અંત આવ્યો છે, જે ડિજિટલ પેમેન્ટ્સને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી હતી પરંતુ બેંકો અને ફિનટેક કંપનીઓ દ્વારા તેને ટકી નહીં શકે તેવી ગણાવીને લાંબા સમયથી તેની ટીકા કરવામાં આવી રહી હતી. UPI QR કોડ દ્વારા મહિનાના રૂ. 1 લાખ સુધીની કમાણી કરતા નાના

...અનુસંધાન પાના 11 પર




### રેલવે, ટેલીકોમ, વીજળી પાણીના બિલમાં 2,000 રૂ.થી વધુ ચુકવણી પર રૂ. 5નો એકસરખો ચાર્જ લાગશે

રેલવે, ટેલિકોમ, વીમો, બળતણ અને કૃષિ ઉત્પાદન જેવા આવશ્યક અને ઓછા નફાના માર્જીન ધરાવતા ક્ષેત્રો રૂ. 2,000 થી વધુના પ્રત્યેક વ્યવહારે રૂ. 5નો ફ્લેટ MDR ચૂકવશે, જેનો હેતુ મહત્વપૂર્ણ સેવાઓ માટેના ખર્ચને આગાહીક્ષમ રાખવાનો છે; એટલે કે આ સેવાઓ માટેની રૂ. ૨૦૦૦થી વધુની ગમે તેટલી ચુકવણી પર ચાર્જ રૂ. ૫થી વધશે નહીં. આ શ્રેણીઓ P2M (મર્ચન્ટ) વ્યવહારોના કુલ વોલ્યુમમાં લગભગ 17 ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ કુલ મૂલ્યમાં આશરે

...અનુસંધાન પાના 11 પર

### બાંધછોડીયા વડાપ્રધાન અમેરિકા સામે ઝુક્યા : UPI ચાર્જ પર કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૧૫(PTI): કોંગ્રેસે મંગળવારે UPI ટ્રાન્ઝેક્શન અંગેના નોટિફિકેશનને લઈને મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે સરકારે UPI ટ્રાન્ઝેક્શન પર ફી વસૂલવાનો શાંતિપૂર્વક માર્ગ મોકળો કરી દીધો છે અને બાંધછોડ કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર અમેરિકી દબાણ સામે ઝૂકી રહ્યા છે. વિપક્ષી પાર્ટીએ UPI ટ્રાન્ઝેક્શન અંગેના સરકારના નોટિફિકેશન સામે સવાલો ઉઠાવતા દાવો કર્યો હતો કે, લોકોએ આવા ટ્રાન્ઝેક્શન માટે ફી ચૂકવવી પડે તે માટેની પૃષ્ઠભૂમિ સ્પષ્ટપણે તૈયાર કરવામાં આવી રહી છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે મોદી સરકારની લૂંટ હવે UPI સુધી પહોંચી ગઈ છે. ખડગેએ X પર હિન્દીમાં કરેલી

...અનુસંધાન પાના 11 પર

## દુબઈ જતી બે ફ્લાઇટ 24 કલાક મોડી પડતા મુસાફરોનો 'સ્પાઇસજેટ ચોર હૈ'નો સૂત્રોચ્ચાર

**દિલ્હી** એરપોર્ટ પર બે દિવસ મુસાફરો દ્વારા ધરણા પ્રદર્શન છતાં સ્પાઇસ જેટનો સ્ટાફ દ્વારા કોઇ દરકાર ન લેવાઇ

**એરપોર્ટ** સ્ટાફ દ્વારા અટવાયેલા મુસાફરો માટે ખોરાક અને પાણી આપીને આરામ માટે જગ્યાની વ્યવસ્થા કરાઇ




નવી દિલ્હી, તા. 15 : દુબઈ જતી સ્પાઈસજેટની બે ફ્લાઇટ્સ ઓપરેશનલ કારણોસર 24 કલાકથી વધુ મોડી પડતાં દિલ્હી એરપોર્ટ પર અંધાધૂંધીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા, જેના કારણે ગુસ્સે ભરાયેલા મુસાફરોએ વિરોધ પ્રદર્શનો કરવા અને 'સ્પાઈસજેટ ચોર હૈ' અને 'સ્પાઈસજેટ હાય હાય'નો સૂત્રોચ્ચાર કરવાની ફરજ પડી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે સ્પાઇસજેટનો કોઈ સ્ટાફ મુસાફરોની ચિંતાઓને દૂર કરવા માટે ઘણા સમય સુધી હાજર નહોતો. બાદમાં, એરપોર્ટ સ્ટાફે દખલ કરી અને ખોરાક અને પાણી પૂરું પાડ્યું અને મુસાફરો માટે આરામ કરવા માટે એક જગ્યાની વ્યવસ્થા કરી. સ્પાઇસજેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે એક વિમાન ગ્રાઉન્ડિંગ થયા બાદ ઓપરેશનલ કારણોસર ફ્લાઇટ્સ - SG 5111 અને SG 5105 - મોડી પડી હતી. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત મુસાફરો માટે વૈકલ્પિક ફ્લાઇટ્સની વ્યવસ્થા કરવામાં આવી રહી છે અને થયેલી અસુવિધા બદલ માફી માંગી છે. ફ્લાઇટ SG 5111 સોમવારે સવારે 7:45 વાગ્યે ઉપડવાની હતી, પરંતુ તેને મંગળવારે સવારે 9 વાગ્યે મોકલવામાં આવી હતી. બીજી ફ્લાઇટ, SG 5105, જે સોમવારે સાંજે 6:45 વાગ્યે ઉપડવાની હતી, તેને મંગળવારે બપોરે 12:30 વાગ્યે મોકલવામાં આવી હતી. ઓપન સોર્સ એવિએશન ડેટા દર્શાવે છે કે જ્યારે SG 5111 આખરે મંગળવારે બપોરે 2 વાગ્યે ઉપડ્યું હતું, ત્યારે SG 5105 ને બુધવારે સવારે 1 વાગ્યે મોકલવામાં આવી

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### મસૂદ અઝહર સામે પાકિસ્તાનની નવી કાર્યવાહી પાછળનો હેતુ

પાકિસ્તાનના શાસકોને મોડે મોડેથી સમજણ પડી છે અથવા તો ત્રાસવાદીઓને આશરો આપવાની તેમની મિલીભગત બદલ આંતરરાષ્ટ્રીય સ્તરે થનારી વધુ એક ફિટકારમાંથી બચવા માટે તે આગળ વધી રહ્યું છે. ભારત માટે આશ્ચર્યજનક બાબત એ છે કે, પાકિસ્તાનની ફેડરલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એફઆઈએ) એ જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ)ના વડા મસૂદ અઝહરને મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની પોતાની તાજેતરની 'રેડ બુક'માં સામેલ કર્યો છે. તદનુસાર, તેની ધરપકડ માટે મદદ કરનાર જાણકારી માટે ઇનામ ૫૦ લાખથી વધારીને ૭૦ લાખ પાકિસ્તાની રૂપિયા કરવામાં આવ્યું છે. નવી દિલ્હી પહોંચેલા અહેવાલો સૂચવે છે કે, ઇસ્લામાબાદે આ પગલું આગામી મહિને મની લોન્ડરિંગ અને ટેરર ફાઇનાન્સિંગ સામે લડતી આંતરસરકારી સંસ્થા 'ફાઇનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ' (એફએટીએફ)ની બેઠક મળે તેના માત્ર થોડા અઠવાડિયા પહેલાં જ ભર્યું છે. ભારતીય સુરક્ષા અને ગુપ્તચર તંત્રે પાકિસ્તાનના આ તાજેતરના પગલાને હળવાશથી લીધું છે. કારણ કે, તેઓ સારી રીતે જાણે છે કે, જૈશનો વડો પાકિસ્તાનમાં જ હડ્ડો જમાવીને બેસેલો છે અને પાકિસ્તાની અધિકારીઓને તેની પૂરી જાણકારી છે. મસૂદ અઝહર

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકન સાંસદો દ્વારા રશિયા પ્રતિબંધ ખરડામાં વિવિધ સુધારા રજૂ કરાયા

## રશિયા પ્રતિબંધ ખરડામાં ભારત સહિતના નામો ઉમેરવાનો સુધારો રજૂ

**ચીન**, ભારત સહિતના દેશોના નામ 100 ટકા ટેરિફને પાત્ર દેશ તરીકે ઉમેરવાની માગ

**અમેરિકી** સાંસદો દ્વારા રજૂ સુધારામાંથી એકમાં ટેરિફ લાદતી કલમ સંપૂર્ણ રદ કરવાનો પણ પ્રસ્તાવ

વોશિંગ્ટન, તા. 15 (પીટીઆઈ) : સમય સાથે રેસ લગાવી રહેલા અમેરિકાના સાંસદોએ રશિયા પરના પ્રતિબંધોના ખરડામાં સુધારા રજૂ કર્યા છે. જેમાં એક સુધારામાં ભારાત સહિત રશિયાના ટોચના વેપારી ભાગીદારોના નામ કાયદામાં ઉમેરવાની માગ કરવામાં આવી છે, જ્યારે બીજા સુધારામાં ટેરિફ લાદતી કલમને સંપૂર્ણપણે રદ કરવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે.

ગત મહિને અમેરિકી સેનેટ દ્વારા ૮૯-૧૧ના જંગી બહુમતીથી પસાર કરવામાં આવેલો 'ધ લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ', માત્ર રશિયાના નેતૃત્વ અને ઉર્જા ક્ષેત્ર પર જ નહીં, પરંતુ તે શેડો ફ્લીટ (બિનઅધિકૃત જહાજોના કાફલા) પર પણ પ્રતિબંધો લાદવા માંગે છે જે મોસ્કોને તેલ પુરવઠા પરના પ્રતિબંધોમાંથી બચવામાં મદદ કરે છે.

અમેરિકાનું માનવું છે કે રશિયાનો ક્રૂડ ઓઈલ વેપાર યુક્રેન સામેના યુદ્ધ

...અનુસંધાન પાના 11 પર

## વિદેશી વિદ્યાર્થી સંબંધી ટ્રમ્પના રોકાણ મર્યાદા નિયમ પર કોર્ટની રોક

**વિદેશી** વિદ્યાર્થીઓ, પત્રકારો, વિદ્વાનો સહિતા અંગેનો નિયમ અમલમાં આવે તેના એક દિવસ પહેલા તેના પર મનાઇ હુકમ અપાયો

**મેસાચુસેટ્સ** ડિસ્ટ્રિક્ટ જજના આ આદેશથી ભારતીયો સહિત આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત મળશે

વોશિંગ્ટન, તા. ૧૫(પીટીઆઈ): ટ્રમ્પ વહીવટીતંત્રના એ નિયમ પર એક ફેડરલ જજે કામચલાઉ ધોરણે રોક લગાવી દીધી છે, જે વિદેશી વિદ્યાર્થીઓ, પત્રકારો અને એક્સચેન્જ વિઝિટર્સ (આદાન-પ્રદાન કાર્યક્રમ હેઠળ આવતા મુલાકાતીઓ)ના રોકાણ પર ટોચમર્યાદા મૂકવા માગતો હતો. આ નિયમ અમલમાં આવે તેના એક દિવસ પહેલા જ આ સ્ટે આપવામાં આવ્યો છે.

મેસાચુસેટ્સ ડિસ્ટ્રિક્ટ જજે સોમવારે ચુકાદો આપ્યો હતો કે નવી નીતિ સંભવતઃ અમેરિકી અર્થતંત્ર અને ઉચ્ચ-શિક્ષણ પ્રણાલીને "વિનાશક" નુકસાન પહોંચાડશે. આ સાથે જ દેશે પોતાનું રક્ષણ કરવા માટે આ નીતિ જરૂરી હોવાના સરકારના દાવાઓને ફગાવી દીધા હતા. આ નિર્ણયથી અમેરિકામાં રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને રાહત મળશે, જેમાં ભારતના ઘણા વિદ્યાર્થીઓ પણ સામેલ છે.

જુલાઈમાં આખરી ઓપ આપવામાં આવેલા ટ્રમ્પ વહીવટીતંત્રના નિયમ અનુસાર, વિદ્યાર્થીઓ અને એક્સચેન્જ વિઝિટર વિઝા પર ચાર વર્ષની મર્યાદા અને ચીન સિવાયના પત્રકારોના વિઝા પર ૨૪૦ દિવસની મર્યાદા લાદવામાં આવી હતી. હવે મુલતવી રખાયેલા આ નિયમ મુજબ ચીનના મીડિયાકર્મીઓ માટે ઈશ્યુ કરાયેલા વિઝા પર ૯૦ દિવસની મર્યાદા હતી. મંગળવારથી અમલમાં આવનાર આ નિયમ હેઠળ વિદ્યાર્થીઓ અને પત્રકારોને વિઝા લંબાવવા માટે અરજી કરવાની મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ તેને મંજૂરી આપવી કે નહીં તેનો નિર્ણય ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS)ના અધિકારીઓની વિવેકબુદ્ધિ પર નિર્ભર હતો અને એક્સ્ટેન્શન નકારવામાં આવે તો તેની સામે અપીલ કરવાની કોઈ જોગવાઈ નહોતી. આ નિયમથી દાયકાઓ જૂની 'ડ્યુરેશન ઓફ સ્ટેટસ' સિસ્ટમનો અંત આવી ગયો હોત, જે હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને તેમના સ્ટેટસની શરતોનું પાલન કરવાની શરતે શૈક્ષણિક કાર્યક્રમો પૂર્ણ થાય ત્યાં સુધી સામાન્ય રીતે યુએસમાં

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશમાં અવામી લીગના સાત નેતાને મોતની સજાનો આદેશ

**આ** તમામ સામે આંદોલનકારીઓ સામેની હિંસાને દોરવણી આપી તેને અમલમાં મૂકવામાં મદદની ભૂમિકા વગેરે આરોપો હતા

**તમામ** સાત આરોપીઓને તેમની ગેરહાજરીમાં બાંગ્લાદેશ ઇન્ટરનેશનલ ક્રાઇમ્સ ટ્રિબ્યુનલે દેહાંતદંડનો આદેશ કર્યો

ઢાકા, 15 સપ્ટેમ્બર (PTI) : બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે મંગળવારે પ્રતિબંધિત અવામી લીગના સાત વરિષ્ઠ નેતાઓને 2024ના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન, જે 'જુલાઈ અપરાઈઝિંગ' તરીકે ઓળખાય છે તે દરમિયાન હિંસાનું નિર્દેશન, ઉશ્કેરણી અથવા તેને અમલી બનાવવામાં તેમની કથિત ભૂમિકા માટે માનવતા વિરુદ્ધના ગુના બદલ ફાંસીની સજા સંભળાવી છે.

જસ્ટિસ નઝરુલ ઈસ્લામ ચૌધરીની અધ્યક્ષતાવાળી ત્રણ સભ્યોની ટ્રિબ્યુનલ(ICT-2) એ આ સાત નેતાઓ સામે તેમની ગેરહાજરીમાં આ ચુકાદો આપ્યો હતો. મૃત્યુદંડની સજા પામેલા લોકોમાં અવામી લીગના જનરલ સેક્રેટરી અને ભૂતપૂર્વ રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી ઓબેદુલ કાદર, જોઈન્ટ જનરલ સેક્રેટરી બહાઉદ્દીન નાસીમ અને ભૂતપૂર્વ રાજ્ય મંત્રી (માહિતી અને પ્રસારણ) મોહમ્મદ અલી અરાફાત શામેલ છે. અન્ય ચારમાં જુબો લીગના ચેરમેન શેખ ફઝલ પરાશ, તેના જનરલ સેક્રેટરી મૈનુલ ખાન નિખિલ, બાંગ્લાદેશ છાત્ર લીગના પ્રમુખ સદ્દામ હુસૈન

...અનુસંધાન પાના 11 પર

### તા. ૧૫-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 3.0 મીમી | ૭૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | 30.0 સે. | ૨૫.૪ સે. | ૭૮% |


## અવકાશમાં શસ્ત્રો ગોઠવ્યા હોવાની પહેલીવાર અમેરિકાની કબૂલાત

**અમેરિકાએ** ભ્રમણ કક્ષામાં સ્પેસ કન્ટ્રોલ શસ્ત્રો ગોઠવ્યા હોવાની હવાળ દળ સેક્રેટરીએ પ્રથમ વખત કબૂલાત કરી

**આ** શસ્ત્રો શત્રુની પ્રતિકૂળ કાર્યવાહી સામે સંયુક્ત દળોનું રક્ષણ કરશે એમ જણાવ્યું, ભવિષ્યમાં વધુ ઘાતક શસ્ત્રો તૈનાત થઇ શકે

વોશિંગ્ટન, ૧૫ સપ્ટેમ્બર : અમેરિકાએ પ્રથમ વખત પુષ્ટિ કરી છે કે તેણે અવકાશમાં શસ્ત્રો

...અનુસંધાન પાના 11 પર



### અવકાશમાં શસ્ત્રોથી યુદ્ધનું સ્વરૂપ જ બદલાઇ જઇ શકે છે

આક્રમક અંતરિક્ષ શસ્ત્રોનું આગમન યુદ્ધ પદ્ધતિને મૂળભૂત રીતે બદલી શકે છે. જીપીએસ નેવિગેશન, સુરક્ષિત સંચાર, મિસાઇલ ચેતવણી સિસ્ટમ, યુદ્ધક્ષેત્ર પર નજર અને ગુપ્ત માહિતી એકત્રિત કરવાનો તમામ આધાર પૃથ્વીની ભ્રમણકક્ષામાં ફરતા ઉપગ્રહો પર રહેલો છે. આ ઉપગ્રહોને નષ્ટ કરો અથવા નિષ્ક્રિય કરો, તો દુશ્મન દેશ સમગ્ર સૈન્ય કામગીરીને અંધારામાં ધકેલી શકે છે, તેમાં વિક્ષેપ પાડી શકે છે અથવા તેની ઝડપ ધીમી કરી શકે છે. આ જ કારણ છે


...અનુસંધાન પાના 11 પર

### 1967ની 'આઉટર સ્પેસ ટ્રીટી'ના છીંડાઓનો લાભ મહાસત્તાઓ ઉઠાવી રહી છે

1967ની 'આઉટર સ્પેસ ટ્રીટી'(બાહ્ય અંતરિક્ષ સંધિ) સામૂહિક વિનાશના શસ્ત્રો અવકાશમાં ગોઠવવા પર પ્રતિબંધ મૂકે છે, પરંતુ તે અંતરિક્ષમાં તમામ પરંપરાગત શસ્ત્રો કે સૈન્ય પ્રણાલીઓ પર પ્રતિબંધ મૂકતી નથી. આ બાબત દેશોને સંધિના મુખ્ય નિયમનો ટેકનિકલ ભંગ કર્યા વિના ઉપગ્રહોને

...અનુસંધાન પાના 11 પર


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
#SelfieWithGanesh
SELFIE WITH GANESH



"ગનુદાદા" સાથે આજીવન યાદગીરી રાખવાની તક આ વખતે ફરી "ગુજરાતમિત્ર" પૂરી પાડે છે. તમારા ઘર, સોસાયટી અથવા વિસ્તારના મંડપમાં બિરાજમાન ગણેશજી સાથેની સેલ્ફી અથવા ગ્રુપની સેલ્ફી પાડો અમને મોકલો અમે "ગુજરાતમિત્ર"માં પ્રકાશિત કરી આજીવન યાદ રહે એવી આપની તસ્વીર 'સેલ્ફી વિથ ગણેશ' કોર્નરમાં છાપીશું.

તમારી "બપ્પા" સાથેની સેલ્ફી તમારા નામ, વિસ્તારના નામ અને મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ Instagram હેન્ડલ પર 'MESSAGE' ઓપ્શનમાં જઈ મોકલી આપો.

Gujaratmitra

માત્ર ઉપર જણાવેલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર મેસેજ કરેલી સેલ્ફી અને વિગતો જ 'ગુજરાતમિત્ર' અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે